# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **MIDDAY : 2.30 to 2.35PM**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# SANAND GIDC

અમદાવાદના સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વિશ્વની જાણીતી કંપનીઓએ એકમો સ્થાપિત કર્યા છે. તેના પરિણામે, આસપાસના ગામડાઓમાં વસતા લોકોના જીવનમાં, આર્થિક અને સમાજિક ઉત્થાનનો નવો અધ્યાય શરૂ થયો છે તેમજ આસપાસની ગ્રામપંચાયતોની આવકમાં વધારો નોંધાયો છે.

સત્તાવાર યાદી મુજબ બોળ ગ્રામ પંચાયતને 2012 થી 2022 દરમિયાન 13 કરોડ 9 લાખ રૂપિયાથી વધુ, હીરાપુર ગ્રામપંચાયતને 3 કરોડ 95 લાખથી વધુ, ચરલ ગ્રામપંચાયતને 3 કરોડ 95 લાખથી વધુ, જ્યારે શિયાવાડા ગ્રામપંચાયતને એક કરોડ 31 લાખ રૂપિયાથી વધુની વેરાની આવક થઇ છે. આ ઉપરાંત છારોડી પંચાયતની આવક પણ 15 કરોડ રૂપિયાથી વધુ થઇ છે.

ઉલ્લેખનીય છે કે સાણંદ-2 ઔદ્યોગિક વસાહતની આસપાસના 4 ગામોની ગ્રામ પંચાયતને વ્યવસાય વેરાની આવક પણ મળવા લાગી છે.

. . . . . . . . . . . . . . . . .

# VIBRANT GUJ. VIBRANT BHUJ

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 20 વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે કચ્છ જિલ્લાકક્ષાની વાઈબ્રન્ટ સમિટનું આવતીકાલે મંગળવારના ગાંધીધામ ખાતે આયોજન કરાયુ છે.

મુખ્ય અતિથિ રાજ્યકક્ષાના લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગમંત્રી જગદીશ વિશ્વકર્મા તથા વિશિષ્ટ મહેમાન તરીકે પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં સમિટને ખુલ્લી મુકવામાં આવશે. વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ કચ્છ સમિટને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક એકમો સાથે મળીને તૈયારીઓ કરવામાં આવી રહી છે.

------------------------

# VIBRANT GUJ. VIBRANT KHEDA

"વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ ખેડા" ની પ્રિ-વાયબ્રન્ટ સમિટનું આયોજન 13 ઓકટોબરના રોજ નડિયાદના ઈપ્કોવાલા હોલ ખાતે કરવામાં આવશે. જિલ્લા પ્રભારી મંત્રી અને ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં “વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ ખેડા” સમિટનું આયોજન કરવામાં આવશે. આ સમિટમાં કેન્દ્રીય રાજ્યકક્ષા સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણ ઉપસ્થિતિ રહશે. રાજ્યમાં વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે યોજાતી વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટની આગામી સમિટમાં ખેડા જિલ્લાના ઉદ્યોગકારો, વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી આ એક દિવસીય કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે 10 થી 12 જાન્યુઆરી દરમિયાન દશમી વાયબ્રન્ટ ગુજરાત

ગ્લોબલ સમિટ ૨૦૨૪નું આયોજન કરાયું છે. આ વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે રાજ્યના દરેક જિલ્લામાં પ્રિ - વાયબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD POSTAL DAY

આજે વિશ્વ ટપાલ દિવસ નિમિત્તે ગુજરાત ટપાલ સર્કલ દ્વારા અમદાવાદમાં શાહીબાગ પોસ્ટ ઓફિસથી સ્પીડ પોસ્ટ ભવન શાહીબાગ સુધી ટપાલ રેલી યોજાઇ ગઇ. ભારતીય ટપાલ વિભાગ દ્વારા અપાતી સેવા સુવિધાઓનો પ્રચાર પ્રસાર કરવા, ગુજરાતના મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ નીરજ કુમારની આગેવાનીમાં આ રેલી યોજાઇ હતી. જેમાં ટપાલ વિભાગના 400થી વધુ અધિકારી કર્મચારીઓ જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે ૯મી ઓક્ટોબરે વિશ્વ ટપાલ દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વ ટપાલની શરુઆત થઈ બસ ત્યારથી દુનિયાભરના અનેક દેશો ટપાલ સેવાના મહત્ત્વને ઉજાગર કરવા માટે આ દિવસની ઉજવણીમાં ભાગ લે છે. આ દિવસે કેટલાક દેશોની પોસ્ટ ઓફિસોમાં ટપાલ ટિકિટના કરવામાં આવેલા સંગ્રહોનું એક શાનદાર પ્રદર્શન યોજવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SOLAR - I KHEDUT PORTAL

આજથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે. રાજ્યના ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો આજથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે..

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા  અથવા ૧૫ હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા ખેડૂતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SOU- SRP BAND

કેવડિયામાં  સ્ટેચ્યૂ ઑફ યુનિટી સંકુલની મુલાકાતે આવતા પ્રવાસીઓને હવે દર શનિવાર અને રવિવારે SRP પોલીસ બેન્ડના સંગીતમય રજૂઆતનો આનંદ મળશે. આ કાર્યક્રમ શનિવાર અને રવિવારે સાંજે 6 થી 7 વાગ્યા યોજાશે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ દિપક જગતાપ સાથેની વાતચીતમાં  અધિક કલેક્ટર  ગોપાલ બામણીયાએ જણાવ્યું હતું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વ સ્તરીય પ્રવાસન સ્થળ તરીકે જાણીતું બન્યું છે ત્યારે પોલીસ બેન્ડ દેશભક્તિ અને શૌર્યની ધૂનથી પ્રવાસીઓના અનુભવોને વધુ યાદગાર બનાવશે."

-------------------------------------